જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૯/૨૦૧૪ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૮ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી કુલ રૂપિયા ૧,૪૯૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૬૧/૧૪**

**નરોડા :** દિનેશકુમાર ચંદુભાઇ પટેલ (રહે.લવકુશ બંગ્લોઝ, વિનાયક વાટીકાની સામે, આદિશ્વરનગર, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૯/૧૪ સવારનાં ૮/૦૦ થી બપોરનાં ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં રસોડાની જાળી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૧,૯૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.વાળા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૬૨/૧૪**

**નરોડા :** હર્ષદકુમાર ડાહ્યાભાઇ પટેલ (રહે.ધોરી ખાંચો, રામજી મંદિર સામે, ઓઢવ ગામ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૧૪ સાંજનાં ૬/૦૦ થી તા.૧૭/૯/૧૪ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની નરોડા જી.આઇ.ડી.સી.ખાતે આવેલ રામદુત એન્ટરપ્રાઇઝ નામની ફેક્ટરીની અંદર આવેલ પ્રોડક્શન પ્લાન્ટમાં મુકેલ એચ.એસીડની કુલ ૫૧ થેલીઓ કિંમત રૂપિયા ૮,૯૨,૫૦૦/- ની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ઝેરી જીવ કરડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૩૬૩/૧૪**

**વટવા :** રાધાબહેન પ્રીતમભાઇ તરન (ઉ.વ.૩૭)(રહે.પંચાણુવાસ, પીપળજ ગામ) ને તા.૧૫/૯/૧૪ કલાક ૮/૦૦ વાગે પોતાના ઘરે સુતેલ હતા તે દરમ્યાન કોઇ ઝેરી જીવ-જંતુ કરડી જતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૯/૧૪ કલાક ૭/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૩૬૪/૧૪**

| | |
|---|---|
| **દાણીલીમડાઃ** જ્યોતિબહેન બુધાભાઇ વાળોદરા (ઉ.વ.૧૭)(રહે.ઓમ શાંતિનગર, ભમરિયાકુવા, નારોલ) તા.૧૯/૫/૧૪ નારોજ પોતાના ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કેશરી સલવાર અને સફેદ રંગનું ટોપ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ છે.(દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **વેજલપુરઃ** આશાબહેન જીગરભાઇ બારોટ (ઉ.વ.૨૫)(રહે.કૃષ્ણધામ સોસાયટી, એકતા ટાવર પાસે, વાસણા) તા.૨/૯/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પોતાના પુત્ર પવનને સાથે લઇ કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. છીંકણી રંગનો પાયજામો અને આસમાની ટોપ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |   |
| **ચાંદખેડાઃ** રીન્કુબહેન ભરતભાઇ ચૌહાણ (ઉ.વ.૨૧)(રહે.ગાયત્રીનગર, ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) તા.૬/૯/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનો લહેંઘો અને મરૂન ટોપ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ છે. (ચાંદખેડા પોલીસ સ્ટેશન નંબર ૨૩૨૯૧૨૭૫) |  |
| **શાહીબાગઃ** પરશુરામ ભેરૂલાલજી પરમાર (ઉ.વ.૨૭)(રહે.ગામ : પલસોડા, તા.જી.રતલાલ, મધ્યપ્રદેશ) તા.૨/૯/૧૪ ના કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે માનશીક બિમારીના કારણે ક્યાંક ચાલ્યા ગયેલ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો શર્ટ અને સિલેટીયા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઇંચ છે. (શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૮૦૨૫) |  |
| **વેજલપુરઃ** કે.જી.શંકરન ગોપાલ શંકરન (ઉ.વ.૬૦)(રહે.આશાન એપાર્ટમેન્ટ, બકરીસીટી, વેજલપુર) તા.૫/૯/૧૪ બપોરનાં ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનું શર્ટ અને ગ્રીન રંગની લુંગી પહેરી છે. લંગડા ચાલે છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.